

## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૧૦)

કાલિમ્પોંગ (દાર્જિલિંગ)
૨૪-૮-૫૩

'એવા મુનિવર જોયા વનમાં, જેને રાગદ્વેષ નહીં મનમાં'

આત્માર્થી,

હું એક મહિનો કલકત્તાથી બહાર ગયો હતો, પરંતુ ખેદ છે કે મને સોનગઢ આવવાનું સૌભાગ્ય મળી શક્યું નહીં. શેઠ વચ્છરાજજીની સાથે 'ગયા' જવાનું થયું હતું.

શેઠ વચ્છરાજજી અને મોહનલાલભાઈનો તરત સોનગઢ જવાનો વિચાર છે. પરંતુ ખેદ છે કે હું અત્યારે પણ આવી શકતો નથી. દિવાળી લગભગ ત્યાં આવવાનું થઈ શકશે એવી આશા છે. અહીંથી પરમ દિવસે કલકત્તા જઈશ.

ત્યાં પરમ પૂજ્ય 'શ્રી સદ્‌ગુરુદેવ' પરમ સુખ-શાંતિમાં બિરાજતા હશે. તેમને હૃદયથી પ્રણામ કરું છું.

(૧) અપની સુધિ ભૂલ આપ, આપ દુઃખ ઉપાયૌ ।
જ્યોં શુક નભ-ચાલ બિસરિ, નલિની લટકાયૌ ।।

(૨) મન વચ તન કરિ શુદ્ધ ભજો 'જિન' દાવ ભલા પાયા।
અવસર મિલે નહીં ફિર ઐસા, યોં સદ્‌ગુરુ ગાયા ।।

(૩) ધન ધન સાધર્મિજન મિલનકી ઘરી ।
બરસત ભ્રમતાપ હરન, જ્ઞાનઘન ઝરી ।।

(૧) ભાન પોતાનું ભૂલી પોતે, સ્વયં દુઃખ ઉપાર્જ્યું;
પોપટ જેમ ગગનચાલ વિસરી, નલિનીમાં લટકાયો.

(૨) મન, વચ, તન કરી શુદ્ધ, ભજો 'જિન' દાવ ભલેરો પામ્યા;
અવસર મળે ન ફરી એવો, સદ્‌ગુરુએ એમ ગાયા.

(૩) ધન્ય ધન્ય સાધર્મિજનો, મિલનની છે આ ઘડી;
વરસે ભ્રમતાપ હરવા, જ્ઞાનમેઘ ઝડી ઝડી.

ત્યાં બધી મુમુક્ષુમંડલી 'શ્રી ગુરુદેવ'ની ધર્મામૃતરૂપ વાણીનું પાન કરવામાં મગ્ન છે, એ વિચાર આવતાં જ દૂર રહેવારૂપ દુર્ભાગ્યનો ખેદ થાય છે.

(૧) ચિદ્‌રાય ! ગુન સુનો, સુનો પ્રશસ્ત ગુરુ-ગિરા ।
સમસ્ત તજ વિભાવ, હો સ્વકીયમેં થિરા ।।

(૨) કુગુરુ, કુદેવ, કુશ્રુત સેયે મૈં, તુમ મત હૃદય ધર્યો ના ।
પરમ વિરાગ જ્ઞાનમય તુમ, જાને બિન કાજ સર્યો ના ।।

**(અનુસંધાન પાના નં.૧૩ પર...)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૫ : અંક–૨૪૧, વર્ષ–૨૨, ડિસેમ્બર–૨૦૧૭


## અષાઢ સુદ ૫, ગુરુવાર, તા.૨૩–૦૬–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૪૩–૪૪, પ્રવચન–૧૬

**'દેવાલયમાં સાક્ષાત્ દેવ નથી.'** જુઓ! ઓલામાં (૪૨ ગાથામાં) આ તીર્થ અને મંદિર છે એમ કીધું. હવે દેવાલયમાં સાક્ષાત્ દેવ નથી (એમ કહે છે). એ તો પરોક્ષ વ્યવહાર દેવ છે.

મુમુક્ષુ :- બીજા સંપ્રદાયવાળા આ ગાથાનો આધાર નિષેધ માટે આપે છે.

ઉત્તર :- આપે છે. આ નિષેધ માટે આ તારણસ્વામીવાળા, આ સ્થાનકવાસી લોકો આનું આપે. જોયું આ? આ તો આત્માનો અંદર (ઉપયોગ) પ્રયોગ કરે ત્યારે આ સાધન અંતરમાં હોય છે. પણ જ્યારે અંદર ઠરી શકતો નથી ત્યારે ભગવાન પરમાત્મા, મંદિર, દેવ એનો શુભભાવ હોય છે, હોય છે. એ નથી એમ માને તોપણ મૂઢ છે અને એનાથી થાય એમ માને તોપણ મૂઢ છે. અરે...! સમજાણું કાંઈ? બાહ્ય તીર્થ ને મંદિર ને ભક્તિ, પૂજાનો ભાવ હોય જ નહિ, એમ માને તો એ વ્યવહારને માનતો નથી. વ્યવહાર છે ખરો પણ એનાથી આત્માની પ્રાપ્તિ થાય એમ માને તો વ્યવહાર અને નિશ્ચય એક થઈ ગયા. મૂઢ થઈ ગયો. સમજાણું કાંઈ? ૪૩.

**देहा-देवलि देउ जिणु जणु देवलिहिं णिएह।**
**हासउ महु पडिहाइ इहु सिद्धे मिक्ख भमेइ।।४३।।**

**'શ્રી જિનેન્દ્રદેવ દેહરૂપી દેવાલયમાં છે.'** આ જિનેન્દ્રદેવ દેહરૂપી દેવાલયમાં છે. આ જિનેન્દ્રદેવ, હોં! પોતાનો છે ને? ત્યાં ('સમયસાર'માં) ૩૧ મી ગાથામાં કેવળીની સ્તુતિમાં આત્મા નાખ્યો છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીની સ્તુતિ કેમ થાય? એમ ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ને પ્રશ્ન કર્યો. 'કુંદકુંદાચાર્યદેવે' કહ્યું કે, આ આત્માની અંદર અતીન્દ્રિયનો અનુભવ કરે ઈન્દ્રિયાતીત થઈને તો એ કેવળીની સ્તુતિ કરી કહેવામાં આવે. સમજાણું કાંઈ?

**'શ્રી જિનેન્દ્રદેવ દેહરૂપી દેવાલયમાં છે.'** આ જિનેન્દ્ર અહીં છે. **'जणु देवलिहिं णिएह'** 'અજ્ઞાની જીવ મંદિરોમાં જોયા કરે છે.' ત્યાં આ ભગવાન બિરાજે છે એમ માને છે. ત્યાં તો ભગવાનની સ્થાપના છે. ત્યાં તો સાક્ષાત્ ભાવનિક્ષેપે ભગવાન ત્યાંય નથી. પર ભગવાન પણ ત્યાં નથી. હેં? વિવેક વિના ત્યાં જ આની સામું જોયે મારું કલ્યાણ થઈ જશે અને અંદરનું સમ્યગ્દર્શન થઈ જશે અને સમ્યગ્જ્ઞાન થઈ જશે, (એમ માને તો) મૂઢ છે. એમ અહીં કહે છે.

અજ્ઞાની **'जणु देवलिहिं णिएह'** મંદિરોમાં જોવે છે. ત્યાં ભગવાન છે, ત્યાં ભગવાન છે, ત્યાં ભગવાન છે. હે ભગવાન! આપી દ્યો મને, આપી દ્યો. શિવપદ મને દેજો રે મહારાજ! તારું શિવપદ ત્યાં છે? તારું શિવપદ તો અહીં છે. જે હોય એ તો વાત લેવી ને? તમારે મંદિર થાતું હોય તો શું? નવું થાય છે એટલે જાણે...

મુમુક્ષુ :- તો પછી દર્શન કરતી વખતે ત્યાં

શું કહેવું?

ઉત્તર :- કહેવું ન્યાં શું? આમ બોલે ભલે, પણ એનો વિવેક જોઈ ઈ કંઈ આપે એવા નથી. મારું શિવપદ તો મારી પાસે છે, આ તો એક ભક્તિનો ભાવ છે. આહાહા..! બાહ્ય ભક્તિ તો..... અંતરની ભક્તિ તો અંદરમાં ઊતરે ઈ ભક્તિ છે. જ્ઞાનાનંદ સ્વરૂપ, એની અંદરમાં એકાકાર થઈને અનુભવ કરવો એ આત્માની ભક્તિ છે. જેની સામું જોઈને ઠરે એની ભક્તિ ઈ છે. સામું જોઈને એમાં ઠરે તો એ પરભક્તિ છે, વ્યવહાર છે. હોય છે વ્યવહાર, વ્યવહાર નથી એમ નહિ. પૂર્ણ વીતરાગ ન થાય એટલે એવો વ્યવહાર હોય છે, પણ કોઈ એમ માને કે એ વ્યવહાર દ્વારા અંદરમાં નિશ્ચય થશે, એ વાત ખોટી. એ વાત અહીંયાં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?



કહે છે કે, **'મહુ હાસઉ પડિહાઇ'** અરે..! **'મને હસવું આવે છે.'** મોટો રાજા **'આ લોકમાં ધનાદિની સિદ્ધિ હોવા છતાં તે ભીખ માગતો ફરે છે...'** મોટો રાજા હોય ને ભીખ માગે, ભાઈસાહેબ! કાંઈક દેજો, રોટલી દેજો. એમ ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન અહીં બિરાજે અને માંગે પર પાસે. પરદેવાલયમાં અને મંદિરમાં માગે કે, મને મોક્ષ આપજો. ઈ છે એમાં? 'રાજા ભિક્ષાર્થે ભમે એવી જનને ટેવ.' છે કે નહિ એમાં? સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા..! અહીં તો 'યોગસાર' છે ને? યોગ નામ પોતામાં જોડાણ થાય ત્યારે યોગ કહેવાય કે પરમાં જોડાણ થાય ઈ 'યોગસાર' કહેવાય? પોતામાં, જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમાં એકાકાર થવાથી યોગસાર કહેવામાં આવે છે. યોગ સાર નથી, યોગ છે ભલે વ્યવહાર, સાર નથી. સાર તો આ યોગસાર છે. સમજાણું કાંઈ? આહાહા..! બીજી રીતે કહીએ તો એ યોગ તો અસત્ય છે, આ યોગ જ સત્ય છે. એ યોગ વ્યવહાર છે, આ યોગ નિશ્ચય છે. વ્યવહાર યોગ અસત્યાર્થ છે, નિશ્ચય યોગ સત્યાર્થ છે. સમજાણું કાંઈ? અરે...!

મુમુક્ષુ :- બીજો રંગ..

ઉત્તર :- બીજો રંગ હોય, શુભભાવનો હોય. બીજું શું છે? જ્યારે હોય ત્યારે શુભભાવ હોય ત્યારે ભગવાન આમ છે. એમ પણ કહે, હે પ્રભુ! તમારી ભકિતથી... જુઓને! 'શ્રીમદ્'નું એક વાક્ય નથી? 'ભજીને ભગવંત ભવ અંત લહો, ભજીને ભગવંત ભવ અંત લહો' એ... ભાઈ' 'ભજીને ભગવંત..' બીજા એમ બોલે કે, ઓલા ભગવાનને ભજીને ભવ અંત વળી ગયો. શબ્દ આવા છે. આવે છે ને? **'શુભ શીતળતામય છાંય...'** ભાષા તો ઠીક. ભવ અંતની જ વાત લ્યે છે. પાછું ઓલું (આવે છે), 'ભજીને ભગવંત..' આ ભગવાનને ભજીને. એ ભગવાન એમ કહે છે, એનું ભજન ત્યારે વ્યવહારે કહેવાય કે ઈ એમ કહે છે કે તારા સ્વરૂપનું ભજન કર ત્યારે ભવનો અંત આવશે. સમજાણું કાંઈ? અમારા સ્મરણ કર્યા કરે, અમારી સામું જોઈને મરી જાય તો કંઈ તારું કલ્યાણ થાય એવું નથી.

હે વીતરાગમાર્ગ! પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞનો માર્ગ એવો છે, જગતને આમ એકાંત માનીને બેસી જાય છે કે, ન્યાંથી અમારો મોક્ષ થશે, એ મૂઢ છે. તેમ આત્માના સ્વરૂપનો આશ્રય કરીને પૂર્ણ સ્થિરતા ન થાય ત્યાં સુધી એવું સ્મરણ અને ભક્તિનો ભાવ આવ્યા વિના રહે નહિ. અશુભથી બચવા માટે (આવે છે). સ્થિરતાનો શુદ્ધ ઉપયોગ ન હોય (ત્યારે) અશુભથી બચવા એવો શુભભાવ હોય છે. પણ એ વ્યવહારથી અંદરમાં કલ્યાણ થશે એમ માની લ્યે એ વાત (ખોટી). આહાહા..! સામું જોવું છોડી અંદરમાં જોશે, એ ભગવાન અંદરમાં પૂર્ણાનંદનો નાથ બિરાજે (છે). 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એ અંદરમાં જોશે ત્યારે એનું કલ્યાણ થશે. જ્ઞાનથી જોવે, શ્રદ્ધાથી માને, સ્થિરતાથી ઠરે. એમાં ઠરે અને એને જોવે. એને માને, ઠરે કે બહારથી આવતા હશે? આહાહા..! કહો, સમજાણું કાંઈ? જે વાત હોય એ સ્પષ્ટ તો આવવી જોઈએ કે નહિ?

લોકમાં મોટો ધનાઢ્ય હોય અને ઘરના.. અહીં કહેવાનો આશય એવો છે કે, પુંજી છે ઘરમાં... સમજાય છે? પુંજી સમજાય ને? લક્ષ્મી છે ઘરમાં અને માંગવા જાય ત્યાં. એમ આ લક્ષ્મી અહીં અંદરમાં પડી છે. અનંત કેવળજ્ઞાનાદિ લક્ષ્મી તો અહીં છે, ભીખ માંગે ભગવાન પાસે, બહારના ભગવાન પાસે. હે ભગવાન! આપજો, કાંઈક આપજો. ઈ ભગવાન કહે છે કે, તારી પાસે છે, મારી પાસે નથી. સમજાણું કાંઈ? જુઓ!

**'અહીં એ વાત ઉપર લક્ષ દોર્યું છે કે જે લોકો ફક્ત જિનમંદિરોની બાહ્ય ભક્તિથી જ સંતુષ્ટ થાય છે અને પોતાને ધર્માત્મા સમજે છે તથા એ બાબતનો બિલકુલ વિચાર નથી કરતા કે આ મૂર્તિ શું શીખવે છે અને આપણા દર્શન, પૂજન કરવાનો હેતુ શું છે,...'** કાંઈ સમજે નહિ. **'કાંઈક શુભભાવથી પુણ્ય બાંધી લે છે પરંતુ તેમને નિર્વાણનો માર્ગ દેખાતો નથી. અંતરંગ ચારિત્ર વિનાનું બાહ્ય ચારિત્ર તે રેતીમાંથી તેલ કાઢવા જેવો પ્રયોગ છે.'** બાહ્ય ચારિત્ર છે ને એ બધું? પૂજા, ભક્તિ આદિ બાહ્ય ચારિત્ર છે, વ્યવહાર છે. વિકલ્પ. એ અંતરંગ વિના ચારિત્ર, અંતરમાં રમણતા વિના એ બહારનું ચારિત્ર 'રેતીમાંથી તેલ કાઢવા જેવો પ્રયોગ છે.' રેતીમાંથી તેલ કાઢવું. 'સમ્યગ્દર્શન વિના...' એટલે શું કહે છે? પોતાનું જે સ્વરૂપ છે તેને અંતર્મુખથી પ્રતીત કર્યા વિના **'બધાય શાસ્ત્રનું જ્ઞાન અને બધું જ ચારિત્ર મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે.'** કહો, સમજાણું આમાં? આહાહા..! એમ કરીને ઘણી વાત લીધી છે.

થોડુંક છેલ્લું લીધું છે. ૧૭૯ માં. **'જેણે આત્મદેવને શરીરની અંદર જોઈ લીધો તેને પછી બહારની ક્રિયામાં મોહ થઈ શકતો નથી.'** બાહ્ય ક્રિયા આવે ખરી પણ મોહ નહિ. **'કારણવશ અશુભથી બચવા માટે તે બાહ્ય ક્રિયા કરે છે તોપણ તેને નિર્વાણનો માર્ગ માનતો નથી.'** આ સાવ સાર છે. લક્ષમાં હોય એ બધું આવી જાય છે. બાકી બધી લાંબી વાત ઘણી છે. 'સમયસાર'નો દાખલો આપ્યો છે. **'જે પરમાર્થથી બાહ્ય છે...'** 'સમયસાર' છે ને? **'પરમટ્ઠબાહિરા'** પરમાર્થ ભગવાનઆત્મા. (ત્યાં) પુણ્યનો અધિકાર છે એટલે પુણ્યભાવ તો શુભભાવ છે અને શુભભાવમાં લક્ષ તો પર ઉપર જાય છે. સ્વભાવ ચૈતન્યસ્વરૂપ, જેને એની દૃષ્ટિ નથી, એનો આશ્રય નથી એવા પરમાર્થથી બાહ્ય જીવો, **'નિશ્ચયધર્મને જાણતા નથી.'** સાચા ધર્મને સમજતા નથી. 'મોક્ષના માર્ગને નહિ જાણતા થકા અજ્ઞાનથી સંસારભ્રમણના કારણરૂપ પુણ્યને જ ઈચ્છે છે,...' એ શુભભાવની ભાવના જ હોય છે. એનાથી મુક્તિ થાશે એમ માને છે. **'પુણ્યકર્મનો બંધ કરનાર ક્રિયાને નિર્વાણનું કારણ માની લે છે.'**

બીજો દાખલો આપ્યો છે. મોક્ષમાર્ગનો સમયસારનો **'કોઈ ઘણા કષ્ટથી મોક્ષમાર્ગથી વિરુદ્ધ**

**અસત્ય વ્યવહારરૂપ ક્રિયાઓ કરીને કષ્ટ ભોગવે તો ભોગવો...**' મિથ્યાદષ્ટિ અન્ય અને કોઈ જૈનમાં રહેલા '**જૈનોના મહાવ્રત અને તપના ભારથી પીડિત થતા થકા કષ્ટ ભોગવે તો ભોગવો, પરંતુ તેમનો મોક્ષ નહિ થાય.**' પર તરફના લક્ષમાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપથી ક્યારેય મુક્તિ થતી નથી. અરે! વ્યવહાર, વ્યવહાર, વ્યવહાર... વ્યવહાર છે ખરો પણ એનાથી નિશ્ચય પમાતો નથી એમ અહીં સિદ્ધ કરવું છે. પરના યોગે સ્વયોગ પમાતો નથી. 'યોગીન્દ્રદેવ' (એમ કહે છે), શ્રુતકેવળી એમ કહે છે, શ્રુતકેવળી એમ નિશ્ચયથી કહે છે. સમજાણું? ઈ ૪૩ (ગાથા પૂરી) થઈ.

૪૪. '**સમભાવ રૂપ ચિત્તથી પોતાના દેહમાં જિનદેવને દેખો.**' ઓલા બેમાં નકાર કર્યો ને? હવે અહીં દેખવામાં સાધન શું? એમ કહે છે. આ તીર્થ ને મંદિર આ છે એમ કહ્યું. દેવાલયમાં દેવ નથી. અજ્ઞાની માને છે, એમ કહ્યું. ત્યારે હવે અહીં દેખવામાં કરવું શું? ક્યા ભાવે આત્મા દેખાય? સમજાણું કાંઈ?

**मूढा देवलि देउ णवि णवि सिलि लिप्पइ चित्त।**
**देहा-देवलि देउ जिणु सो बुज्झहि समिचिति।।४४।।**

વજન અહીં છે. ઓલા પર દેવ, દેવાલયમાં તો શુભરાગ છે, શુભ વિકલ્પ છે, પરનું સ્મરણ છે. ભગવાનઆત્માને અંદર દેખવામાં '**समिचिति**' સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન એ દ્વારા આત્મા જણાય એવો છે. કહો, સમજાણું કાંઈ? '**समिचिति**' કેમ કીધું? બહારના પરમુખમાં તો શુભરાગ થાય. દેવાલય, દેવ, મંદિર, દર્શન, ભક્તિ એમાં શુભરાગ છે. શુભરાગથી ચૈતન્યમૂર્તિ દેખાતી નથી.

ચૈતન્યમૂર્તિ ભગવાન રાગથી રહિત સમભાવ અરાગી જ્ઞાન, અરાગી શ્રદ્ધા, અરાગી સ્થિરતા દ્વારા અંતરમાં અવલોકન થાય છે. સમજાણું કાંઈ? એ '**समिचिति**' યોગ છે. સ્વભાવ પૂર્ણાનંદનું માહાત્મ્ય આવીને જે સ્થિરતા, અંદરમાં એકાગ્રતા (થાય) એ એકાગ્રતાને અહીં સમભાવ કહેવામાં આવે છે. બહારની અંદરમાં એકાગ્રતા થાય એને તો વિષમભાવ શુભરાગ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા નિજ પ્રભુ આત્મા એ બિરાજે છે, એને જોવામાં તો સમભાવ જોઈએ. પરને જોવામાં તો રાગ હોય, શુભભાવ હોય છે. સમજાણું કાંઈ?

'**હે મૂર્ખ! દેવ કોઈ મંદિરમાં નથી, ન દેવ કોઈ પાષાણ લેપ કે ચિત્રમાં છે...**' સમજાણું કાંઈ? '**जिणु देउ देहा-देवलि**' '**જિનેન્દ્ર પરમાત્મા શરીરરૂપી દેવાલયમાં છે.**' જુઓ! એ જિનેન્દ્ર એટલે આત્મા. '**जिणु**' કહ્યું છે ને? '**जिणु**'. એ જિનદેવ તો આ આત્મા છે. '**जिणु देउ**' જિનદેવ તો '**देहा-देवलि**' શરીરરૂપી દેવાલયમાં ભગવાન અહીં બિરાજે છે. તારો જિનેન્દ્ર તો અહીં બિરાજે છે. વીતરાગમૂર્તિ આત્મા, આત્મા જ જિનેન્દ્ર છે. જિનેન્દ્ર નામ વીતરાગનો ઈન્દ્ર છે. એટલે આત્મા જ પોતાના વીતરાગી સ્વભાવનો જ ઈશ્વર છે. પોતાનું ત્રિકાળ વીતરાગ સ્વરૂપ છે, અકષાય સ્વરૂપ છે, અનાકુળ સ્વરૂપ છે, બેહદ શાંત સ્વરૂપ છે. એવો વીતરાગ એનો ઈશ્વર એ આત્મા પોતે જ જિનેન્દ્ર છે. સમજાણું કાંઈ? અરે..! ભાઈસાહેબ! હું જિનેન્દ્ર હોઉં? તું જિનેન્દ્ર ન હો તો જિનેન્દ્ર થાઈશ ક્યાંથી? પર્યાયમાં-અવસ્થામાં જિનેન્દ્ર આવશે ક્યાંથી? જિનેન્દ્ર ભગવાનઆત્મા પોતે સ્વરૂપે ન હોય તો પર્યાયમાં-અવસ્થામાં જિનેન્દ્ર થશે ક્યાંથી?

મુમુક્ષુ :- હે ભાઈ! હે સખા! હે ભવિ... એમ આવે છે ને

ઉત્તર :- એ તો બધું સંબોધન ગમે ઈ કરે. હે ભવિ! એમાં સંબોધનો ગમે તેમ કરે એનું કાંઈ નહિ.

'**समिचिति सो बुज्झहि**' 'તે દેવને સમભાવથી ઓળખો અથવા તેનો સાક્ષાત્કાર કરો.' લ્યો! આ સાર અહીં છે. ત્યાં '**પરમાત્મા દેવ ઈંટ અને પાષાણના બનેલા મંદિરમાં નહિ મળે.**' ત્યાં

પરમાત્મા નહિ મળે. કહો? **'નહિ પરમાત્માના દર્શન કોઈ પાષાણ કે ધાતુ કે માટીની મૂર્તિમાં થાય, કે નહિ કોઈ ચિત્રમાં થાય..'** લ્યો! **'પોતાનો આત્મા જ સ્વભાવે પરમાત્મા જિનદેવ છે.'** અહીં નાખ્યું. અહીં જ છે. ભગવાનઆત્મા વીતરાગી પિંડ આત્મા ધ્રુવ, શાશ્વત ચિદાનંદ મૂર્તિ છે. એ પોતે જ જિનેન્દ્રનું સ્વરૂપ છે. જિન અને જિનવરમાં કાંઈ ફેર નથી. એવો આ જીવ તે પોતે જિનેન્દ્ર છે એના દર્શન અંતરમાં સમભાવથી થાય છે. સમભાવ એટલે પર તરફના વલણવાળો રાગ, તેને છોડી સ્વભાવ સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન જે સમભાવરૂપ છે, એનાથી ભગવાન જિનેન્દ્ર દેખાય છે. એનાથી શ્રદ્ધાય છે, એનાથી જણાય છે. આહાહા..!

'યોગીન્દ્રદેવ' મુનિ હતા, દિગંબર સંત જંગલમાં વસતા હતા. એણે દુનિયાને આ કહ્યું છે. જૈનધર્મનું રહસ્ય આ છે. સમજાણું કાંઈ? એ રહસ્યનો ધરનાર ભગવાન તું છો. તારી સામું જોયે તું પરમાત્મા થા એવો છો. પરની સામું જોયે તું પરમાત્મા થા એવો નથી. ઓશિયાળાને (એમ થાય) આમ થશે, ધર વિના મારે ચાલે નહિ, પર વિના ચાલે નહિ. પરના લક્ષ વિના ચાલે નહિ, પરના જ્ઞાન વિના ચાલે નહિ, પરના આધાર વિના ચાલે નહિ. એ પામર થઈ ગયો એટલે એને પોતાની સ્વતંત્રતાનું ભાન નથી. સમજાણું કાંઈ? એ તો એકાંતમાં શુભભાવનું નિમિત્ત છે, એમ કહે છે. એટલું. સમજાણું? બાકી લાંબી લાંબી વાત કરે છે. એ તો બધું ચાલે. હવે ૪૫ (ગાથા).

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો ૮૫મો જન્મ જયંતિ મહોત્સવ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો ૮૫મો જન્મ જયંતિ મહોત્સવ તા. ૨૩-૧૧-૨૦૧૭ થી તા. ૨૭-૧૧-૨૦૧૭ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો. આ મહોત્સવના ઉપલક્ષમાં પાંચ દિવસનું મંડલ વિધાન રાખવામાં આવ્યું હતું અને પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચનો રાખવામાં આવેલા.

તા. ૨૬-૧૧-૨૦૧૭ના દિવસે એક ભવ્ય જિનેન્દ્ર રથયાત્રાનું આયોજન કરવામાં આવેલું, જે શહેરના મુખ્ય માર્ગ પર ફરતી સાંજે પાંચ વાગે જિનમંદિરમાં સમાપ્ત થઈ. પારણા ઝુલન, જન્મ વધામણા ઈત્યાદિ કાર્યક્રમો ભક્તિ સહિત ઉજવવામાં આવ્યા. આ પ્રસંગે કલકત્તા, આગ્રા, મુંબઈ, અહમદાવાદ, સોનગઢ વગેરે સ્થળોથી મુમુક્ષુઓ પધાર્યા હતા.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ડિસેમ્બર–૨૦૧૭)નું શુલ્ક**
**સ્વ. શ્રી શિવલાલજી માંગીલાલજી સિંઘવી, દબોક (ઉદયપુર),**
**હ. શ્રી સુમતિલાલ શિવલાલ ગાંધી, યુ.એસ.એ. તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,**
**જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૯૧૯ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૦-૦૫-૧૯૮૫, પ્રવચન નં. ૫૪૪ (વિષય : વિધિ)**

**વીતરાગના માર્ગમાં તો સમકિતની મુખ્યતા પ્રથમ છે. ભેદજ્ઞાન પહેલા થવું જોઈએ. તે સમ્યક્ત્વ તો સ્વ પરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે માટે દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દૃષ્ટિ થાય તે પ્રથમ ધર્મ છે અને પછી વ્રતાદિ હોય છે. ૯૧૯.**

૨૫૪ પાનું. ૯૧૯ ચાલે છે. સિદ્ધાંતિક વાત છે. '**વીતરાગના માર્ગમાં...**' એટલે મોક્ષમાર્ગમાં સમકિતની મુખ્યતા પ્રથમ છે. સમ્યગ્દર્શન એ પાયાની ચીજ છે. સમ્યગ્દર્શન વિના જે કાંઈ (કરવામાં આવે) તેની કોઈ કિંમત નથી. પ્રશ્ન એ થવા યોગ્ય છે કે શું કોઈ જીવને સમ્યગ્દર્શન ન થાય તો એણે બીજું કાંઈ ન કરવું? કેમ કે જગતમાં પાપ પ્રવૃત્તિ અને પુણ્યની પ્રવૃત્તિ છે. સમ્યગ્દર્શન તો એ પુણ્ય-પાપથી પર છે. જો સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી બીજું કાંઈ કિંમત ન હોય તો પાપ કરો વા પુણ્ય કરો. સરખું છે એ બન્ને.

કહે છે કે જેને દોષ ટાળવા છે અને ગુણ પ્રગટ કરવા છે એવી જેને પોતાને સ્વરૂપ લક્ષે વિચારણા છે, જેને સુવિચારણા કહીએ, એવી જે સુવિચારણા છે એમાં અશુભ પ્રવૃત્તિ કરવી કે કરવાની હોંશ કરવી એ પ્રશ્ન તો અસ્થાને છે. બીજો પ્રશ્ન એ કે વ્રતાદિ પાળવા કે નહિ? વ્રતાદિનું પાલન સહજ થતું હોય તો તે છોડીને પાપ પ્રવૃત્તિ કરવી એવો તો કાંઈ આદેશ કે ઉપદેશ હોઈ શકે નહિ. પરંતુ સમ્યગ્દર્શન વિના વ્રતાદિનું પાલન કરવામાં આવતું હોય તો તે જીવે એમ સમજવું, એમ ગણતરીમાં રાખવું કે આ વ્રતાદિ ખરેખર સાચા વ્રતાદિ નથી. આમ એણે જાણવું જોઈએ.

બીજું, મારા જ્ઞાન અને પુરુષાર્થની જે ઉઘડેલી વ્યક્ત શક્તિ પર્યાયમાં છે તેનો સદુપયોગ તો સમ્યગ્દર્શન કરવા પ્રત્યે લાગે તો તે પર્યાયમાં એટલી ક્ષમતા છે કે સમ્યગ્દર્શન થઈ શકે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવની પર્યાયમાં એટલી કાર્યક્ષમતા છે કે એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી શકે. ઉઘાડ ઓછો હોય તોપણ પુરુષાર્થ પર્યાપ્ત છે. સમ્યગ્દર્શનને યોગ્ય પુરુષાર્થ પૂરતો ઉઘડેલો છે. જિનેન્દ્રદેવે આ મર્યાદા પ્રસિદ્ધ કરી છે કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાનો અધિકારી છે. તેથી એને પોતાની સર્વ શક્તિ સમ્યગ્દર્શન થવામાં લાગે તે જોવું જોઈએ, એ વિચારવું જોઈએ. તેમ છતાં અશુભ ન રુચે અને સહેજે મંદ કષાયની સ્થિતિ રહેતી હોય તો વ્રતાદિ પાલન કરવાનો દોષ નથી. પરંતુ ત્યાં તેવા વ્રતાદિને ધર્મ માનતા, ધર્મનું

કારણ માનતા અથવા સાચા વ્રતાદિ માનતા દોષ છે. વ્રતાદિનું પાલન કરતા પણ એ દોષ છે કે જે દોષ મિથ્યાત્વનો દોષ છે.

મુમુક્ષુ :- વ્રત જે કરતા હોય ઈ ક્યાં ખોટુ છે એમ માને છે. એટલે તો કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખોટું એટલે શું અને સાચું એટલે શું અહીંયાં? કે આત્મામાં સ્વરૂપસ્થિરતા પૂર્વક વીતરાગ થઈને રાગ મટે, રાગનો અભાવ થાય, વિકલ્પ થાય અને વ્રતાદિનું પાલન થાય તે વ્રત સાચું. પરંતુ રાગ તો અંદરમાં રહી ગયો છે. વીતરાગતા પ્રગટ થઈ નહિ હોવાને લીધે રાગ તો રહી ગયો છે પણ ઉદયમાન નથી. અને કષાયની તીવ્રતામાં અને પાપની પ્રવૃત્તિમાં જીવ જવા ચાહતો નથી, ઈચ્છતો નથી. એને સહેજે કષાયની મંદતામાં વ્રતાદિનું પાલન થવું બનતું હોય, કરાતું હોય, થતું હોય તો એણે એમ જાણવું કે સાચા વ્રતનું જે સ્વરૂપ છે એવું તો આ વ્રત નથી. વીતરાગતાપૂર્વકના વ્રતનું સ્વરૂપ તો આ નથી. એમ જાણે તો એને એ વ્રતનું અભિમાન કેટલું થાય? કે ખોટું વ્રત હોય ત્યાં વ્રતાદિનું અભિમાન થવાનો એ પ્રકાર સહજે ઊપજી જાય છે. એ સમજણ જો બરાબર હોય તો એ સમજણમાં એ દોષથી બચે. હજી તો સમજણ બરાબર હોય તો. સાચા વ્રત થવા એ તો વીતરાગતાના સદ્ભાવમાં જ બને છે. એ સિવાય બનતું નથી.

એટલે અહીંયાં એ સિદ્ધાંત મૂક્યો છે કે '**વીતરાગના માર્ગમાં તો સમકિતની મુખ્યતા પ્રથમ છે.**' અને સમકિત છે એ ભેદજ્ઞાન થતાં થાય છે તેથી '**ભેદજ્ઞાન પહેલા થવું જોઈએ.**' પહેલા ભેદજ્ઞાન થવું જોઈએ અને એ ભેદજ્ઞાન અનાદિનો જે વિભાવનો પરિચય થઈને વિભાવ સાધારણ થઈ ગયો છે એ વિભાવ સ્વભાવના પરિચયથી એની સાધારણતા છોડે તો એને ભેદજ્ઞાન થાય.

ફરીથી એને સ્પષ્ટ કરીએ. આ જીવને અનાદિથી સ્વરૂપનો સ્વભાવનો પરિચય નથી. બરાબર છે? અને જીવની દશામાં વિભાવ ઊપજ્યા જ કર્યો છે. તેથી વિભાવ એટલો સામાન્ય અને સાધારણ થઈ ગયો છે; છે કે નહિ આ પરિસ્થિતિ? તપાસ કરે તો સમજાય એવું છે કે વિભાવ એટલો સાધારણ થઈ ગયો છે, એટલો સામાન્ય થઈ ગયો છે કે એમાં એને કોઈ વિશેષતા નથી લાગતી. લાગે છે કાંઈ વિશેષતા? એ વિભાવનું સાધારણપણું ક્યારે ટળે? કે ભેદજ્ઞાનની પ્રક્રિયામાં સ્વભાવનો પરિચય કરવાનો પુરુષાર્થ થાય ત્યારે. ત્યારે એને એ ભેદજ્ઞાન થાય તો એને સમ્યગ્દર્શન થાય. તેથી એ કહ્યું કે પહેલાં ભેદજ્ઞાન થવું જોઈએ. કાલે થોડું લીધું હતું આ ફરીને લઈએ છીએ.

'**તે સમ્યક્ત્વ તો સ્વ પરનું શ્રદ્ધાન થતાં થાય છે...**' અને એ ભેદજ્ઞાનમાં સ્વનું લક્ષ છે, પર જણાવા છતાં પરનું દુર્લક્ષ છે. એમ સ્વ-પરને જુદા પાડતા સ્વ તે હું એવી પ્રતીતિ થાય છે અને પર તે હું એવી પ્રતીતિનો અભાવ થાય છે. એ તો હતી જ અનાદિથી. એવી પ્રતીતિનો અભાવ થાય છે ત્યારે એને શ્રદ્ધાન થાય છે. સ્વપરનું શ્રદ્ધાન થતાં સમ્યક્ત્વ થાય છે એમ કહ્યું છે. એમાં સ્વમાં હુંપણાની પ્રતીતિ છે અને પરમાં હુંપણાની પ્રતીતિ હતી તેનો નાશ છે. પ્રતીતિ વિનાનો તો નહોતો જીવ. પરમાં હુંપણાની-પર અને રાગમાં હુંપણાની-જે અનાદિની પ્રતીતિ હતી તે સ્વપરના શ્રદ્ધાનથી યથાસ્થાનરૂપ થઈને સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. એને શ્રદ્ધાન કહીએ, સમ્યગ્દર્શન કહીએ.

'**તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે...**' એવું સ્વપરનું શ્રદ્ધાન દ્રવ્યાનુયોગ કે જેમાં છએ દ્રવ્યના સ્વરૂપનું ભિન્ન ભિન્ન સ્વભાવ સ્વરૂપે દ્રવ્યો છે એનું નિરૂપણ કર્યું છે. અને નિરૂપણ કર્યું હોવાથી પદાર્થની ભિન્નતા સમજાય છે. એ દ્રવ્યાનુયોગના અભ્યાસમાં સમજાય છે. બીજા અનુયોગમાં ત્રણે અનુયોગમાં કથનશૈલી એવી છે કે જેમાં ભેદજ્ઞાન સીધું આવતું નથી.

જેમ કે ચરણાનુયોગનું કથન આવે ત્યારે એમ કહે કે આચરણ આમ કરવું, શરીરથી સંયમ પાળવો, વાણીથી

સંયમ પાળવો, મૌન રહેવું, જોઈને ચાલવું, મુનિરાજે જોઈને ચાલવું. તો જેમ દેહાદિની ક્રિયા કરી શકતો હોય એવી પદ્ધતિથી એ કથન આવે છે. એટલે તો લોકોએ કહ્યું કે કાનજીસ્વામી એમ કહે છે કે બે પદાર્થ ભિન્ન છે તો તમારે ઘણા શાસ્ત્રો ફેરવવા પડશે. ઘણા શાસ્ત્રોમાં શું? કે કરણાનુયોગ, કથાનુયોગ, ચરણાનુયોગમાં કથન એવા આવે. આવો ભાવ કરે તો આવું કર્મ બંધાય. આવા કર્મનો ઉદય હોય તો આવો ભાવ થાય. બે પદાર્થમાં એકબીજાનું કારણ-કાર્ય લીધું. અહીંયાં પણ જીવને ચરણાનુયોગમાં આચરણ કરવામાં પણ એણે શરીરના કાર્યો કરવાનું લીધું. કથાનુયોગમાં તો એથી સ્થુળ વાત આવે. એ તો વાર્તા જ છે. એમાં તો આમ કર્યું ને તેમ કર્યું. એમાં બધા કાર્યો જગતના સંયોગના કાર્યો જીવ કરી શકતો હોવાની ભાષા આવે.

એથી અહીંયાં એમ કહ્યું કે સ્વપરના જુદાપણાનું '**શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે.**' વર્તમાન જૈનના નામે ચાલતા સંપ્રદાયોમાં દ્રવ્યાનુયોગનો અભ્યાસ નહિવત્ છે. હશે થોડો ઘણો પણ એ નહિવત છે. તેથી બે પદાર્થની ભિન્નતાની વાત, ભેદજ્ઞાનની વાત પ્રથમ હોવી જોઈએ, પાયામાં હોવી જોઈએ, જે સમ્યગ્દર્શનનું કારણ થાય. એ જ વાત ન મળે અને બીજી બધી વાત ચાલે. આ મોટી ગડબડ. પાયાની ભૂલ છે.

'**તે શ્રદ્ધાન દ્રવાયનુયોગનો અભ્યાસ કરતાં થાય છે.**' દ્રવ્યાનુયોગમાં બે વાત મુખ્ય છે. એક તો પદાર્થોની ભિન્નતા. દ્રવ્યનો અનુયોગ છે ને? એટલે છએ દ્રવ્યો જુદા જુદા છે એ એના સ્વરૂપ નિરૂપણથી વાતને સ્થાપી છે. બીજી વાત એ સ્થાપી છે કે સમ્યગ્દર્શનાદિ વીતરાગી પરિણામો કરવા અર્થે પુણ્યાદિ પરિણામનો નિષેધ કર્યો છે. જ્યારે ત્રણ અનુયોગમાં એ વાત મુખ્યપણે ન આવે.

ચરણાનુયોગ આવે ત્યાં શુદ્ધ પરિણતિની સાથે બાહ્યાચરણ -શુભયોગનું બાહ્યાચરણ આવું જ હોય અને બીજા એથી હલકું ન હોય એમ બતાવવા માટે આવું જ હોય, આવ્યા વિના રહે નહિ આવો શુભભાવ એમ સ્થાપવું પડે. મુમુક્ષુ હોય તો મુમુક્ષુની ભૂમિકાનો શુભભાવ આવ્યા વિના ન રહે. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય ભૂમિકાનો શુભરાગ આવ્યા વિના રહે નહિ એમ સ્થાપવું પડે. હવે જેનાથી વજન ઉઠાવવું છે એના ઉપર વજન જાય એવી કથનશૈલી આવે ત્યાં. દ્રવ્યાનુયોગની આ વિશેષતા છે. એ લીધું છે ને પાછળ?

૯૧૪માં છેલ્લી ચોથી લીટી. '**દ્રવ્યાનુયોગમાં સ્વભાવદષ્ટિ કરાવવા પુણ્યનો નિષેધ કરાવે છે.**' વીતરાગની વાણીમાં દ્રવ્યાનુયોગનો જે વિભાગ છે ત્યાં સ્વભાવની પ્રાપ્તિ કરાવવા માટે, વીતરાગતા પ્રાપ્ત કરાવવા માટે પુણ્યાદિ પરિણામનો નિષેધ પ્રસિદ્ધપણે કર્યો છે. પ્રસિદ્ધપણે કર્યો છે એ અનુયોગની અંદર. પાછી એ વાત કોઈ ખાનગી રાખેલી નથી. પણ એ અભ્યાસ નથી અને બીજો અભ્યાસ છે અને માન્યતા પણ એ જ પ્રકારની છે. એવી ભાષા શૈલી છે. એટલે દ્રવ્યાનુયોગનો વિષય એને નવો લાગે છે અથવા કોઈ નવી વાત કાઢી હોય, માર્ગથી કોઈ સંપ્રદાયથી જુદી વાત પરંપરાથી કાઢી હોય એવું લાગે છે. આવી પરંપરા ક્યાં છે આપણે ત્યાં? પણ ખરેખર એ મૂળ પરંપરા છે. માર્ગની એ મૂળ પરંપરા છે. જે દ્રવ્યાનુયોગથી છે. એનો અભ્યાસ મુખ્યપણે કરવો જોઈએ.

કેમ કે સમ્યગ્દર્શન, '**શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે...**' હવે દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં જે સમ્યગ્દર્શન થાય છે તેમાં જેટલા કોઈ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરે એને સમ્યગ્દર્શન થાય જ એવો કોઈ નિયમ નથી. થાય વા ન થાય. તો જે યથાર્થપણે દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરે એને સમ્યગ્દર્શન થાય છે. થાય જ થાય. જે દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવા છતાં વિપર્યાસને છોડે નહિ તો એ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવા છતાં, શાસ્ત્ર અનુસાર જાણપણું કરવા છતાં પણ અંદરમાં જે ભેદજ્ઞાનની પ્રક્રિયામાં આવીને વિપર્યાસને

છોડવો જોઈએ એ ન છોડે તો એ અભ્યાસ એને કાર્યકારી થતો નથી. પણ માત્ર ધારણારૂપ રહી જાય છે. ખાલી ધારણા થાય. યાદદાસ્ત જેવો વિષય છે. અભ્યાસ હોય તો ધારણા રહે કેટલાક કાળ પર્યંત. કાયમ માટે ધારણા રહે એમ છે નહિ. તેમ એ કોઈ સંસ્કાર પડી જાય છે એવું પણ નથી. એટલે એ દ્રવ્યાનુયોગના અભ્યાસ કરવાવાળાને પણ વિશેષ વાત એ છે કે એને યથાર્થ સમજણ કરીને ભેદજ્ઞાન કરવું જોઈએ, ભેદજ્ઞાનમાં આવવું જોઈએ તો એને શ્રદ્ધાન થાય છે.

પણ અહીંયાં તો એટલુ સ્થાપવું છે કે તેથી **'દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી, સમ્યગ્દષ્ટિ થાય તે પ્રથમ ધર્મ છે અને પછી વ્રતાદિ હોય છે.'** અથવા ટોડરમલજીએ એ વાતને એ રીતે સ્થાપી છે કે જૈનદર્શનમાં એવી આમ્નાય છે કે પ્રથમ તો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીને સાચો શ્રદ્ધાની થાય. સાચો શ્રદ્ધાની થયા પછી આગળ પોતાની નિર્દોષતામાં પૂર્ણતા સુધી પહોંચવું છે એટલે વ્રતાદિને પછી અંગીકાર કરે, પ્રતિજ્ઞા લે. પણ એ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યા પછી, એમ કહ્યું. સાચું શ્રદ્ધાન કર્યા પછી. આમ્નાય આવી છે. છતાં કોઈને તે પહેલા વ્રતાદિનું અંગીકાર કરવાપણું થાય કે થયું હોય તો તેણે તે વ્રત સાચું નથી એમ જાણવું જોઈએ. એમ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તે વ્રત સાચું નથી એમ જાણવું જોઈએ. વીતરાગના માર્ગમાં જે સાચા વ્રત કહ્યા છે તે વીતરાગતાની દશાપૂર્વક રાગાદિનો અભાવ થયો એવા વ્રતાદિને સાચા વ્રત કહ્યા છે જે મોક્ષમાર્ગમાં વ્યવહારનું નામ પામે છે. જેને વ્યવહારરત્નત્રય કહેવામાં આવે છે. પણ નિશ્ચયરત્નત્રયના અભાવમાં વ્યવહારરત્નત્રય કદી કોઈ જીવને હોતા નથી. તો નિશ્ચયરત્નત્રય ન હોય એને કોઈ વ્યવહારનો વ્રતાદિનો અંગીકાર કરવાપણું થાય કે થયું હોય તો? તો એણે એમ જાણવું જોઈએ કે આ વ્રતાદિ સાચા નથી. પણ અશુભ વંચનાર્થે, અશુભથી બચવા માટે મને સહેજે સહેજે કષાયની મંદતા રહે છે એટલી ફક્ત વાત છે કે જેની હું કાંઈ બહુ કિંમત સમજતો નથી. મોક્ષમાર્ગમાં એની ખાસ કિંમત પણ ગણવામાં આવી નથી. એમ એણે જાણવું જોઈએ. પછી ગમે તે ઉપવાસ કરે, ગમે તે કરે.

નહિતર શું થાય કે એની કિંમત એટલી બધી અંકાઈ જાય કે પછી તો ઠેકાણા વગરના, પરિણામના ઠેકાણા ન હોય અને બાહ્ય ક્રિયા થાય તોપણ એનો મહિમા કરવા લાગી જાય. એ સ્થિતિ તો પ્રગટ જોવામાં આવે છે સંપ્રદાયમાં. એ સ્થિતિમાં આવ્યા વિના રહે નહિ. એવું બને છે. નથી બનતું એમ નહિ.

સામાન્ય રીતે પરંપરા આ છે. તત્ત્વજ્ઞાનપૂર્વક સાચો શ્રદ્ધાની થાય અને વ્રતાદિ પ્રતિજ્ઞા પોતાની શક્તિ અનુસાર ગ્રહણ કરે. એમ વાત લીધી છે ત્યાં. શું લીધું છે? કે સાચું શ્રદ્ધાન થાય પછી પરિણામમાં જેટલી શક્તિ હોય એટલે હઠ ન થાય અને સહેજે કષાયની મંદતા રહી શકે એવી શક્તિ હોય એટલા પ્રમાણમાં એ પ્રતિજ્ઞા, વ્રત, ત્યાગાદિ અંગીકાર કરે. એમ શક્તિ અનુસાર લીધું છે. એટલો શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :- પછી પ્રમાદ ન થાય?

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ અનુસાર કરવું છે એને ક્યાં પ્રમાદ છે? નથી કરવું એને પ્રમાદ છે. પ્રમાદ તો ચોર છે. જેને કરવું નથી એને પ્રમાદ છે. પણ જે આત્માનું હિત કરવા નીકળ્યો છે એ શું કરવા પ્રમાદ કરશે? જેને પોતાનું હિત કરવું છે એ શું કરવા પ્રમાદ કરે અને ક્યાં કોઈના માટે કરવું છે? કાંઈ જગતનું માન લેવા અને દેખાડો કરવા કરવું છે? એને પોતાના હિત માટે કરવું છે. અને છતાં પ્રમાદ કરે તો ગુનેગાર પ્રમાદ કરનાર છે. એનો બચાવ નથી. એમ છે.

ઈતિહાસમાં એવું બન્યું છે અને બનશે કે મિથ્યાદષ્ટિ હોય અને મુનિદીક્ષા પણ લે. મિથ્યાદષ્ટિ હોય, વ્રતાદિની પ્રતિજ્ઞા લે, મુનિદીક્ષા લે. પણ એની સાવધાની એટલી હોવી જોઈએ કે મને વીતરાગતા પ્રગટ થઈ નથી માટે

આ સાચું નથી. આને સાચું કરવું છે. પણ મારા પરિણામ તીવ્ર પાપમાં જાય એવા નથી. કેમ કે ઘણાંને તો મોટા ભાગના જીવોને તો પાપ રુચે છે. પુણ્યના ફળમાં જે મજા આવે છે એ બધી પાપ પ્રવૃત્તિ છે. એ પાપ રુચે છે. એવું ન બને. ઘણાં જીવો પ્રકૃતિથી એવા હોય કે જેને પાપ રુચતું નથી. તો એને સહેજે એ પરિણામમાં નથી જવું. એ ભલે વ્રતાદિ અંગીકાર કરે પણ જાણે કે આ શું છે. એમાં કદી અતિપરિણામીપણું ન કરી જાય. અથવા નથી એને છે ન માની લે. જ્યાં ગુણ હજી સમ્યક્ પ્રકારે ઉત્પન્ન થયા નથી સમ્યક્ત્વાદિ થતાં, ત્યાં ગુણની ઉત્પત્તિ ન માની લે. તો એને ગડબડ થાય નહિ. નહિતર ગડબડ થયા વિના રહે નહિ.

આ સમજણ ગુરુદેવે આપી છે. બહુ સ્પષ્ટતા કરી છે. ઘણો વિસ્તાર બહુ કર્યો ને. ૪૫ વર્ષ સુધી ઘણો વિસ્તાર કર્યો છે. એટલે એમ કહ્યું કે જે ધોખ માર્ગ છે, રાજ માર્ગ છે એ તો પ્રથમ સમ્યક્ત્વનું થવું થાય પછી વ્રતાદિનું અંગીકાર કરવાપણું થાય. એ રાજમાર્ગ છે. મુખ્ય માર્ગ તો એ છે. પછી છતાં કોઈને આમ થાય તોપણ એને ત્યાં સમજણ બરાબર રાખવી જોઈએ. એટલી વાત છે. ૯૧૯ થયો. થોડું બાકી હતું.

## નવીન પ્રકાશન

### અધ્યાત્મ સુધા ભાગ-૧૦

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા ભાગ-૧૦' પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની જન્મ જયંતિના દિવસે પ્રકાશિત કરવામાં આવેલ છે. જે મુમુક્ષુ ભાઈ-બહેનઓ સ્વાધ્યાયાર્થ મંગાવવું હોય તેઓ ટ્રસ્ટના કાર્યાલયમાં સંપર્ક કરી મંગાવી શકે છે.

### અધ્યાત્મ સુધા ભાગ-૧૧-૧૨

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા-ભાગ-૧૧ અને ૧૨' પૂજ્ય બહેનશ્રીની આગામી સમ્યક્ત્વ જયંતિ મહોત્સવ તા. ૧૧-૩-૨૦૧૮ના દિવસે પ્રકાશિત કરવાની ભાવના છે.

સંપર્ક :- વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.

## આગામી પ્રકાશન

પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા રચિત આધ્યાત્મિક ગ્રંથ 'આત્માવલોકન' તથા 'ચિદ્‌વિલાસ' પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ ભાવવાહી અર્થગંભીર પ્રવચનોના પુસ્તકો ઈ.સ. ૨૦૧૮માં પ્રકાશિત કરવાની ભાવના છે. આમાં આત્માવલોકન ગ્રંથ પર થયેલા પ્રવચનોના પાંચ ભાગ થવાની ધારણા છે તથા ચિદ્‌વિલાસ ગ્રંથ પર થયેલા પ્રવચનોના બે ભાગ થવાની સંભાવના છે.

**શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર**

(૩) હે જિન ! મેરી ઐસી બુદ્ધિ કીજૈ ।
રાગદ્વેષ દાવાનલતેં બચિ, સમતારસમેં ભીજૈ ।।
(૧) આત્મરાજ ગુણ સુણો, સુણો પ્રશસ્ત ગુરુવેણ;
તજી સમસ્ત વિભાવ, થાવ પોતામાં સ્થિર.
(૨) કુગુરુ, કુદેવ, કુશ્રુત સેવામાં તમે હૃદય ધરશો નહિ;
પરમ વિરાગ જ્ઞાનમય તમે, જાણ્યા વિના કાર્ય સર્યું નહિ.
(૩) હે જિન ! મારી બુદ્ધિ એવી કરજે;
રાગદ્વેષ દાવાનલથી બચી સમતારસમાં ભીંજે.

**ધર્મસ્નેહી નિહાલચન્દ્ર**

**(૧૧)**

**કલકત્તા**
**૧૦-૧૧-૫૩**

**પવિત્ર આત્માર્થી,**

તમે બંનેએ લખેલું કાર્ડ ગઈ કાલે રાત્રે મળ્યું. સોનગઢનો પત્ર જોવા માત્રથી જ હૃદય કેવું ડોલી ઊઠે છે એ વ્યક્ત કરવામાં અસમર્થ છું. ત્યાંનાં સ્મરણો વિના કોઈ દિવસ પસાર થતો નથી. આપના અંતરંગને સારી પેઠે સમજું છું છતાંયે પત્ર વગેરેની પ્રવૃત્તિમાં મન સંકુચિત જેવું રહે છે. આ કારણે ઉત્સાહવર્ધક પત્ર નથી લખી શકાયો.

કેટલાક સમયથી અહીંના દિગંબર જિનમંદિરજીમાં રાતે એક કલાક મુમુક્ષુ-ભાઈઓની સાથે શાસ્ત્ર-સ્વાધ્યાય થાય છે. પૂજ્ય 'શ્રી ગુરુદેવ'ની શારીરિક અસ્વસ્થતા તેમ જ સ્વસ્થતાના સમાચાર સમયે સમયે તે ભાઈઓની પાસે ત્યાંના પત્ર વગેરે આવતા તેનાથી માલૂમ થયા કરતા હતા. પરમ-પરમ હર્ષ છે કે, પરમ અદ્‌ભુત, જીવન ઉદ્ધારક, જન્મ-મરણરૂપી રોગથી રહિત કરનારા 'યોગિરાજ શ્રી સદ્‌ગુરુદેવ'નું સ્વાસ્થ્ય હવે તદ્દન સારું છે. અનાદિ-અનંત આયુના ધારક ચૈતન્ય 'ગુરુદેવ'નો દેહ પણ દીર્ઘાયુ હો - એવી ભાવના છે.

બાહ્ય પ્રવૃત્તિ તેમ જ સંયોગોથી ઈચ્છા (રાગ)નું માપ થતું નથી, તેમ જ ઈચ્છાથી નિરિચ્છક સૂક્ષ્મ અભેદ વૃત્તિનું માપ નથી હોતું. ઈચ્છા હોવા છતાંયે પુણ્યયોગ વિના ક્ષેત્રાંતર થતું નથી. ત્યાં આવવા-જવાના વાયદાઓ નિશ્ચય નિહાલભાઈના ન સમજો. નિશ્ચય નિહાલભાઈ તો અનાદિથી ક્યાંય આવ્યા-ગયા જ નથી. તેમ જ હવે ન અનંત કાળ સુધી ક્યાંય આવવા-જવાના જ છે, ન કદી કોઈ ને વાયદો કર્યો છે, ન કરનારા છે - વાયદા તેમ જ આવવા-જવા વગેરેનું બધું કાર્ય જડાશ્રિત જડનું જ છે, ચેતન નિહાલભાઈનું નથી. ચેતને તો એના જ કહેવાતા રાગથી પણ કદી નિમિત્તરૂપ સંબંધ સુદ્ધાં કર્યો નથી તો અન્ય ક્રિયાઓ અને વાયદાઓમાં તો એનો સંબંધ જોવો નિરર્થક છે. હે પ્રભુ ! સર્વ જીવો સર્વ સંબંધોથી રહિત માત્ર સામાન્ય ચેતનમાં જ પોતાના અસ્તિત્વની દૃષ્ટિ કરે અને લખવું, વાંચવું, આવવું-જવું, વાયદા કરવા-કરાવવા વગેરે બધી પાગલપણારૂપ ક્રિયાઓને ઔપચારિક નિમિત્તપણે પણ ક્ષય કરી દે - એ જ ભાવના છે.

જડ નિહાલભાઈને હજીયે સોનગઢ પહોંચવામાં બીજા લગભગ વીશ દિવસ લાગશે એવી આશા છે. કલકત્તાથી એકાદ સપ્તાહમાં ક્ષેત્રાંતર થવાની શક્યતા છે.

**ધર્મસ્નેહી નિહાલચન્દ્ર**



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :-** જે બહારનો સુધારો કરવા માંગે છે તેનું જ્ઞાન શું મિથ્યા કહેવાય?

**સમાધાન :-** જ્ઞાન મિથ્યા છે, કેમ કે વિભાવ ભાવોને છોડવાનો માર્ગ તે સમજ્યો નથી. વિભાવ કઈ રીતે છૂટે તેનો સાચો ઉપાય તે નહિ જાણતો હોવાથી માત્ર બહારમાં જ સુધારો કરે છે. જે બહારનો સુધારો કર્યા કરે છે-બહારથી જ સુધારો કરવા માંગે છે તેનું જ્ઞાન સાચું નથી, તે માર્ગને ઓળખતો નથી. જેનું લક્ષ જ્ઞાયક ઉપર નથી એવા ઘણા જીવો માત્ર બહારથી જ સુધારો કર્યા કરે છે અર્થાત્ અશુભભાવનો સુધારો કર્યા કરે છે, પણ તે રીતે વિભાવ વાસ્તવિકપણે છૂટતા નથી. માટે તેનું જ્ઞાન સાચું નથી.

મુમુક્ષુ :- બહારથી એટલે શુભનું અવલંબન લઈને?

બહેનશ્રી :- અજ્ઞાની જીવ બહારથી એટલે કે શુભનું અવલંબન લઈને અશુભને છોડવા માંગે છે; પણ સાચા માર્ગને તે જાણતો નથી, આત્મા તરફ તેની દૃષ્ટિ નથી તેમ જ આત્માને લક્ષે વિભાવ છૂટે એવું કાંઈ ધ્યેય નથી. કષાયની મંદતા જીવે અનંતવાર કરી છે, મંદ કષાય કરીને અનંતવાર મુનિપણું લઈ લીધું છે-આમ બહારથી બધો સુધારો કર્યો છે, પણ તેનું જ્ઞાન સાચું નહિ હોવાથી તેને વાસ્તવિકપણે વિભાવ છૂટતો નથી. માત્ર તેને વૈરાગ્યથી બહારનું બધું છૂટી જાય છે, પણ ખરી રીતે અંતરમાંથી વિભાવ છૂટવો જોઈએ તે છૂટતો નથી કારણ કે તેનું જ્ઞાન સાચું નથી. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૮૯)**

❖

**પ્રશ્ન :-** હું કાંઈ ન કરું તો શું શૂન્ય ન થઈ જાઉં?

**સમાધાન :-** હું કાંઈ નથી કરી શકતો, હું તો જાણનાર છું-એવી ઉદાસીનતા અને જ્ઞાયકની મહિમા જેને લાગે તે પોતે શ્રદ્ધા કરીને પરિણતિને કેળવે તો તેની સહજ દશા થાય. હું કાંઈ નથી કરી શકતો તો હું નકામો-શૂન્ય નિષ્ક્રિય થઈ જઈશ એવું અંદર લાગતું હોય તે ઉદાસીન રહી શકે નહીં.

જેને પ્રવૃત્તિનો રસ હોય તેને એમ લાગે છે કે સિદ્ધ ભગવાનને કાંઈ કરવાનું નહિ? તેમ જ આ બધું છૂટી જશે તો શૂન્યતા તો નહિ આવી જાય ને? તેને અંદર સ્વભાવમાં બધું ભર્યું છે એવી મહિમા-શ્રદ્ધા અંદરથી આવતી નથી. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૦)**

❖

**પ્રશ્ન :-** સત્પુરુષના સાન્નિધ્યમાં આત્માની લગની કાંઈક વધે ને?

**સમાધાન :-** સત્પુરુષનું મહાન-પ્રબળ નિમિત્ત છે, પણ કરવાનું પોતાને રહે છે. એટલે શાસ્ત્રમાં આવે છે ને? કે દેવ-શાસ્ત્ર-ગુરુનું કે સત્પુરુષનું સાન્નિધ્ય ગોતીને તું તેમના શરણે જા, તેઓ કહે તેમ કર. પણ કરવાનું

તો પોતાને રહે છે, ઉપાદાન પોતાને તૈયાર કરવાનું રહે છે. કોઈ કરી દેતું નથી. મુક્તિનો માર્ગ પ્રગટ કરવા માટે સત્પુરુષનું નિમિત્ત પ્રબળ છે. અર્થાત્ મુક્તિના માર્ગને ઓળખવા માટે, સ્વાનુભૂતિ પ્રગટ કરવા માટે, જિજ્ઞાસુની ભૂમિકા-આત્માર્થતા પ્રગટ કરવા માટે ગુરુનું નિમિત્ત મોટું છે, પણ કરવાનું પોતાને રહે છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૧)**

❈

**પ્રશ્ન :-** પર્યાયમાં પુરુષાર્થ થતો હોય તો તેને જ્ઞાની કરે છે કે જાણે છે?

**સમાધાન :-** માત્ર જાણે એટલું જ નથી, પુરુષાર્થ કરે છે. તે એવી જાતનું જાણે છે કે હું જ્ઞાતા છું. આમ જ્ઞાતાની ઉગ્રતા કરે એટલે જ્ઞાનમાં પુરુષાર્થ આવી જાય છે. માત્ર જાણવા ખાતર જાણે તો જ્ઞાનમાં પુરુષાર્થ આવી જતો નથી, પરંતુ જ્ઞાયકની ઉગ્રતામાં પુરુષાર્થ આવી જાય છે. જ્ઞાતા એટલે પર્યાય છે એમ જાણ્યું અર્થાત્ જાણપણું કર્યું કે પર્યાય છે તેથી પુરુષાર્થ આવી જાય એમ નહિ, પરંતુ જ્ઞાતાધારાની તીક્ષ્ણતા કરે તો તેમાં પુરુષાર્થ આવી જાય છે. હું જ્ઞાયક છું એમ જ્ઞાતાધારાની ઉગ્રતા કરી લીનતા કરે તો તેમાં પુરુષાર્થ આવી જાય છે. હું દ્રવ્યે જ્ઞાયક છું-એમ જ્ઞાયકને જ્ઞાયકરૂપે રાખવા માટે તથા જ્ઞાયકની પરિણતિ દૃઢ કરવા માટે અર્થાત્ જ્ઞાતાધારાની ઉગ્રતા કરવા માટે જ્ઞાની પુરુષાર્થ કરે છે. બહાર જતો ઉપયોગ તે વિભાવ પરિણતિ છે તેનાથી પોતે છૂટો પડીને અંતરમાં સ્વરૂપ તરફ લીનતા કરવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાનીનું જાણવું એટલે માત્ર જાણી લેવું તેમ નહિ, પણ પુરુષાર્થપૂર્વકનું જાણવું છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૨)**

❈

**પ્રશ્ન :-** દ્રવ્ય અને પર્યાય એ બે વચ્ચેની રમત જ સમજાતી નથી? આમ કરવા જઈએ તો નિશ્ચયાભાસી થવાય છે અને આમ કરવા જઈએ તો વ્યવહારાભાસી થઈ જવાય છે?

**સમાધાન :-** તે બધું વિકલ્પાત્મક છે એટલે એમ થાય છે, પણ સહજ હોય તેને એમ થતું નથી. વિકલ્પથી નિર્ણય કરવા જાય તો એક વિકલ્પ છૂટે અને બીજો ઉત્પન્ન થાય. જો સહજ હોય તો એમ થતું નથી. જ્ઞાયકની પરિણતિ સહજ થાય તો એક (દ્રવ્ય) ગ્રહણ થાય અને એક (પર્યાયનું જ્ઞાન) છૂટી જાય તેમ થતું નથી. તે દ્રવ્યને ગ્રહણ કરે છે, પર્યાયમાં પુરુષાર્થ રહે છે; પરંતુ વિકલ્પાત્મક પ્રયત્ન થાય છે એટલે દ્રવ્યનો વિચાર કરતાં પર્યાય છૂટી જાય છે, પણ તેની સંધિ યથાર્થ વિચારીને નક્કી કરવી જોઈએ. દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયમાં પુરુષાર્થ એ બંનેની સંધિ કરવા જેવી છે. એકને ગ્રહણ કરવા જાય અને બીજું છૂટી જાય તો એકલું નિશ્ચયાભાસ થઈ જાય છે. દ્રવ્યદૃષ્ટિ થાય નહિ તો મોક્ષમાર્ગ જ પ્રગટ થતો નથી. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૩)**

❈

**પ્રશ્ન :-** પહેલાં દ્રવ્યદૃષ્ટિ હોય કે પહેલા વ્યવહાર હોય?

**સમાધાન :-** જ્યાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય ને યથાર્થ હોય ત્યાં યથાર્થ વ્યવહાર આવી જાય છે. દ્રવ્યદૃષ્ટિની સાથે યથાર્થ વ્યવહાર રહેલો છે. જો તે છૂટી જાય તો દૃષ્ટિ જ સ્મયક્ નથી. સમ્યગ્દૃષ્ટિ-યથાર્થદૃષ્ટિ હોય તેની સાથે યથાર્થ જ્ઞાન અને યથાર્થ સ્વરૂપરમણતા હોય છે. જ્ઞાયક ઉપર દૃષ્ટિ ગઈ એટલે પૂર્ણ મુક્તિ અને પૂર્ણ વેદન થઈ જતું નથી, પણ હજી અધૂરાશ છે અને ત્યાં સુધી વ્યવહાર હોય છે.

મુમુક્ષુની દશામાં (પ્રથમ) તે નક્કી કરે કે હું સ્વભાવે નિર્મળ છું. સાથે ભેદજ્ઞાનનો અભ્યાસ કરે કે હું જુદો છું. આમ એકત્વબુદ્ધિથી છૂટવાનો પ્રયત્ન કરે. પ્રયત્ન અને દૃષ્ટિ સાથે હોય છે, અને ભાવનામાં પણ એમ હોવું જોઈએ. પ્રથમ જેવો સ્વભાવ છે તેવો જ ગ્રહણ કરે, પછી પર્યાયમાં અધૂરાશ ને અશુદ્ધતા છે તે બધાંને ટાળીને શુદ્ધતાનો પ્રયાસ કરે છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૪)**

❈

**પ્રશ્ન :-** પર્યાય ન માનતાં શું દૃષ્ટિનું બળ વધી જતું હશે?

**સમાધાન :-** પર્યાય નથી એમ કરવાથી કાંઈ દૃષ્ટિનું બળ વધી જાય છે એવું નથી. જેમ છે તેમ યથાર્થ જાણે તો દૃષ્ટિનું બળ વધે છે. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં પર્યાય નથી એટલે પર્યાય વસ્તુ જ નથી, એ કાંઈ યથાર્થ નથી. દૃષ્ટિના વિષયમાં પર્યાય આવતી નથી, ધ્યેય એક દ્રવ્ય ઉપર છે તેની દૃષ્ટિમાં પર્યાય નથી એટલે પર્યાય જ નથી એમ નથી. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૫)**

**પ્રશ્ન :-** જ્ઞાની વારંવાર તેની મેળાએ અંદર ચાલ્યા જાય છે?

**સમાધાન :-** તેમાં પ્રયત્ન છે, પણ તે પ્રયત્ન સહજ થઈ જાય છે. કોઈ કરી દેતું નથી કે કાંઈ પરાણે કરવું પડતું નથી, પ્રયત્ન સહજ છે. પોતાના ઘર તરફ પોતે સ્વભાવિક રીતે દોડીને જાય છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૬)**

**પ્રશ્ન :-** જ્ઞાનીને અંતરમાં એકદમ શાંતિ મલે છે તો બહાર નીકળે છે શું કામ? એકદમ શાંતિ મળી ગઈ પછી આકુળતામાં કેમ આવે છે?

**સમાધાન :-** તેટલો પુરુષાર્થ નથી એટલે બહાર નીકળી જાય છે અને અનાદિના જે વિભાવો પડ્યા છે તેમાં જોડાઈ જાય છે. હજી વિભાવો પડેલા છે, તે ક્ષય થયા નથી, તેમ જ અંદર તેટલો પુરુષાર્થ નથી એટલે અંદર ટકી શકાતું નથી ને બહાર આવી જાય છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૭)**

**પ્રશ્ન :-** સત્ સરળ, સુગમ છે; પણ કોઈ માર્ગ દેખાડે તો થાય ને?

**સમાધાન :-** સત્ સરળ અને સુગમ છે. દેખાડનાર દેખાડે, પણ જોવાનું તો પોતાને જ છે ને? પોતે જુએ નહિ તો ગમે તેટલું દેખાડે તો પણ જોઈ શકતો નથી.

પોતે જોવાની તૈયારી કરે તો જોઈ શકે છે. દેખાડનાર દેખાડે, - ગુરુદેવે ઘણું દેખાડ્યું છે-પણ જેની જેટલી તૈયારી હોય તેટલું ગ્રહણ કરે છે. બધા એક જાતનું ગ્રહણ કરી શકતા નથી. તૈયારી પોતાને જ કરવાની છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૮)**

**પ્રશ્ન :-** વૃદ્ધાવસ્થાનો અને મરણનો ભય લાગે છે તેનું કારણ શું?

**સમાધાન :-** વૃદ્ધાવસ્થા કે મરણ ભયનું કારણ નથી, પોતાના શરીરનો રાગ છે-એકત્વબુદ્ધિ છે એટલે ભય લાગે છે. શરીરમાં વૃદ્ધાવસ્થા આવે તે કોઈને પાલવતું નથી અને મરણનો ભય લાગે છે-મરણ કોઈને ગમતું નથી તેનું કારણ અજ્ઞાન છે. જ્યાં સુધી ભવનો અભાવ થતો નથી ત્યાં સુધી શરીર ધારણ કરે, પણ પોતાને શરીર સાથે એકત્વબુદ્ધિનો રાગ છે એટલે ભય લાગે છે. તેની એકત્વબુદ્ધિ એવી છે કે શરીરથી છૂટું પડવું ગમતું નથી, એટલે તેને ભય લાગે છે. વૃદ્ધાવસ્થા કે મરણ ભય કરાવતું નથી પણ પોતે અજ્ઞાનને લઈને ડરે છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૫૯૯)**

**પ્રશ્ન :-** શરીરકા સ્વતંત્ર પરિણમન અંદર બૈઠતા નહીં હૈ? સમજમેં ભી નહીં આતા હૈ?

**સમાધાન :-** સમજનેકા અભ્યાસ કરના. શરીર જડ-પુદ્ગલ હૈ, મૈં જાનનેવાલા હૂં. શરીરકા સ્વભાવ સ્વતંત્ર હૈ, વિકલ્પ અપના સ્વભાવ નહીં હૈ, મૈં ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ હૂં-ઔર ઈસમેં શાંતિ-આનંદ ભરા હૈ. ઈસકા

બારંબાર વિચાર કરના. બૈઠતા નહીં હૈ તો બૈઠનેકા અભ્યાસ કરના, બારંબાર વિચાર કરના. સ્વભાવ દષ્ટિસે પીછાનનેકા વિચાર કરના.

જૈસે સ્ફટિક નિર્મલ હૈ વૈસે મૈં નિર્મલ હૂં. પાનીકા સ્વભાવ નિર્મલ હૈ વૈસે મૈં નિર્મલ હૂં. પાનીમેં મલિનતા બહારસે આતી હૈ-કાદવ કી વજહસે આતી હૈ ઐસે યહ સંકલ્પ-વિકલ્પ વિભાવ હૈ, અપના સ્વભાવ નહીં હૈ. ઉસસે ભેદજ્ઞાન કરના. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૦)**

❉

**પ્રશ્ન :-** દ્રવ્યદષ્ટિ થયા વગર શું પર્યાયનો આશ્રય છૂટતો નથી?

**સમાધાન :-** દ્રવ્યદષ્ટિ પ્રગટ કરે તો પર્યાયનો આશ્રય છૂટે અને પર્યાયનો આશ્રય જેને છૂટે તેને દ્રવ્યદષ્ટિ પ્રગટ થાય. દ્રવ્ય ઉપર દષ્ટિ કરે તો જ પર્યાયદષ્ટિ છૂટે. મુખ્ય દ્રવ્ય છે, પછી (જ્ઞાનમાં) પર્યાય ઊભી રહે, પણ પર્યાયની દષ્ટિ છૂટી જાય. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૧)**

❉

**પ્રશ્ન :-** પર્યાયનું પરિણમન ચાલુ રહે તો પણ પર્યાયદષ્ટિ છૂટી જાય?

**સમાધાન :-** પર્યાયનું પરિણમન ચાલુ જ રહે, પણ પર્યાયદષ્ટિ છૂટી, દષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય. પછી તે પરિણમન અમુક અંશે શુદ્ધ થઈ જાય ને અમુક અંશે વિભાવરૂપ રહે છે. દ્રવ્ય ઉપર દષ્ટિ બદલાણી એટલે અંશે શુદ્ધરૂપે પરિણમન થઈ ગયું છતાં અમુક પરિણમન હજી વિભાવરૂપે રહે છે. દષ્ટિનો દોષ મુખ્ય છે. દષ્ટિનો દોષ એ જ પર્યાયદષ્ટિ છે. પર્યાય તો ઊભી રહે છે, તે કાંઈ નુક્સાન નથી કરતી, પણ પર્યાયદષ્ટિ નુક્સાન કરે છે. પોતાની (સ્વની) દષ્ટિ-શ્રદ્ધા થઈ એટલે આખું પરિણમન-ચક્ર ફરી ગયું, આખી દિશા બદલાઈ ગઈ. પહેલાં આખી દિશા પરદ્રવ્ય તરફ હતી તે સ્વદ્રવ્ય તરફ આવી ગઈ. દષ્ટિ બદલાણી એટલે અનંતો સંસાર છૂટી ગયો. હવે થોડો વિભાવ રહે છે, પણ આખી દિશા બદલાઈ ગઈ. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૨)**

❉

**પ્રશ્ન :-** શું જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે અને અજ્ઞાનીના બદા ભાવો અજ્ઞાનમય છે?

**સમાધાન :-** જ્ઞાનીની દષ્ટિ બદલાઈ ગઈ છે એટલે તેના બધા ભાવો જ્ઞાનમય છે. જ્યારે અજ્ઞાનીની દષ્ટિ આખી ઊંધી છે તેથી તેના જેટલા ભાવો થાય છે તે બધા અજ્ઞાનમય છે. અજ્ઞાનીના શુભભાવમાં પણ અંદરમાં ભ્રાન્તિ ભેગી હોય છે. (આ પણ વિભાવ છે એમ) સમજતો નથી એટલે એકત્વબુદ્ધિ કરતો જાય છે, (અને તે કારણે) જે નથી સમજતો તેના બધા ભાવો અજ્ઞાનમય છે. જ્યારે યથાર્થપણે દષ્ટિ બદલાઈ જાય-ભેદજ્ઞાન થાય-ત્યારે જ જ્ઞાનમય ભાવો કહેવાય છે. ત્યાં સુધી જિજ્ઞાસાની ભૂમિકામાં પણ જ્ઞાનમય ભાવ કહી શકાતા નથી. કારણ કે એકત્વબુદ્ધિ છે. જિજ્ઞાસુને રસ મંદ પડ્યો છે, પણ બધા જ્ઞાનમય ભાવ ક્યારે થાય? કે જ્યારે ભેદજ્ઞાનની જ્ઞાતાપણાની ધારા થાય ત્યારે બધા ભાવો જ્ઞાનમય થાય. ત્યાં સુધી બધા ભાવો, એકત્વબુદ્ધિરૂપ છે માટે, અજ્ઞાનમય કહેવામાં આવે છે. જિજ્ઞાસુ છૂટવાની ભાવના કરે છે, પણ હજી એકત્વ પરિણતિ થઈ રહી છે, -એકત્વબુદ્ધિ છે અને દિશા પલટાણી નથી. જો દષ્ટિનો એક ઘડો સવળો થાય તો બધા (ભાવના) ઘડા સવળા થાય. એક દષ્ટિનો ઘડો ઊંધો થતાં બધા ઘડા ઊંધા થાય છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૩)**

❉

**રાજચંદ્રજી દ્વારા વ્યક્ત થયેલ પત્રોનું વિવેચન....**

પરંતુ ભવિષ્યમાં સર્વસંગપરિત્યાગ થતાં તે કાર્યની પ્રવૃત્તિ સહજપણે ઉદયમાં આવે તો કરવી, તેવો વિચાર છે; પણ આગ્રહ નથી. માત્ર અનુકંપાદિ વર્તે છે તેથી ક્યારેક તે વૃત્તિ ઊઠે છે, તે અલ્પાંશે છે, અને સ્વવશ છે.

તેઓશ્રીને એવું ભાસે છે કે જો પોતાને વિષે સર્વસંગપરિત્યાગ આદિ સહજ દશા ઉત્પન્ન થાય તો, તે નિમિત્તે હજારો માણસો મૂળમાર્ગને પામે, અને સન્માર્ગને આરાધી સદ્‌ગતિને પામે. અમારા સંગમાં ત્યાગ કરવા માટે ઘણા જીવોની વૃત્તિ થઈ આવે એવો મન, વચન, કાયાના યોગમાં ત્યાગ છે, તેથી ઉક્ત વિચારો આવે છે; પરંતુ ઉપદેશક પુરુષને ધર્મસ્થાપવાનું મોટું માન મળે છે, અને માન ચડતાં અધઃપતન થાય છે, તેમ પ્રથમથી જ સમજાયું હોવાથી, ઉપદેશકનું પદ જેવું જોખમ બીજું નથી. તેથી માનાદિની સ્પૃહાથી પણ તેવી વૃત્તિ થઈ નથી, તેમ પોતાના પરિણામોને અનેક વાર અવલોકન કરી તપાસ્યાં છે અને તાવ્યાં છે. કારણ કે તે વિષયમાં પરિપક્વ યોગ્યતા ન થાય ત્યાં સુધી તે કાર્યની ઇચ્છાપણ ન કરવી, અને માર્ગ ઉપદેશવો નહિ-એમ આત્મનિશ્ચય વર્તે છે. પરંતુ આવું કાર્ય સ્વ-પર હિતનું બળવાન કારણ હોવાથી પરિગ્રહાદિ ત્યાગ કરવાનો વિચાર રહ્યા કરે છે.

ઉક્ત વચનામૃતોમાં તેઓશ્રીની પરમકારુણ્યવૃત્તિના વિશેષરૂપે દર્શન થાય છે. પરિગ્રહાદિનો ત્યાગ ઉપકારી હોવા છતાં, સહજસ્વભાવે-મમત્વરહિત ભાવે પરિગ્રહાદિક સંયોગો વચ્ચે રહીને પોતે આત્મહિત સાધી રહ્યા છે, તેવી પરિસ્થિતિમાં જિનેશ્વરદેવના મૂળમાર્ગના ઉદ્યોતનો મુદ્દો ઉપસ્થિત થવાથી, તે વિષયમાં અનેક પાસાઓ સહિત જે કંઈ પોતાના વિચારો અને પરિણામો થયાં તે અત્રે વ્યક્ત કર્યા છે.

❋

**૭૯૦**

**મુંબઈ, શ્રાવણ સુદ, ૩, રવિ, ૧૯૫૩**

**'બળવાન, અને વેદ્યા વિના અટળ ઉદય હોવાથી અંતરંગ ખેદ સમતા સહિત વેદીએ છીએ. દીર્ઘકાળને ઘણા અલ્પપણામાં લાવવાના ધ્યાનમાં વર્તાય છે.'**

કૃપાળુદેવને જિનોક્ત પ્રતિપાદિત ત્યાગ-વ્યવહારની ભાવના અત્યંતપણે વર્તે છે; પરંતુ બળવાન અને ભોગવ્યાં વિના ટળી શકે નહિ એવો ઉદય હોવાથી, સમતાસહિત વેદવામાં આવે છે. પરિગ્રહાદિક પ્રવૃત્તિમાં રહેવું પડે છે; તેનો અંતરંગમાં ખેદ રહે છે, તોપણ જ્ઞાને કરીને સમાધાન વર્તે છે.

પરિગ્રહાદિક પ્રવૃત્તિ પૂર્વ કર્મકૃત છે, જે પોતાના જ પૂર્વોપાર્જિત કર્મ છે, તેને સમભાવથી વેદવા અને અભિપ્રાય પૂર્વક તેમાં અનિષ્ટપણું ન થવું, તે પ્રકાર સમ્યક્ છે; અને સમ્યક્ પુરુષાર્થ સહિત વેદતાં નિર્જરા થવામાં કારણરૂપ છે. તદઉપરાંત સત્તામાં રહેલાં સંચિતકર્મોની સ્થિતિ પણ અપકર્ષણ થઈ-દીર્ઘકાળમાંથી પરિવર્તન તઈ-અલ્પકાળની થાય છે; તેવા પ્રકારે આત્મધ્યાનમાં વર્તાય છે.

ઉક્ત પ્રકારે તેઓશ્રી મોક્ષમાર્ગમાં ત્વરિતગતિએ આગળ વધી રહ્યા છે. વા ધસી રહ્યા છે; જે મુમુક્ષુ જીવને બોધ લેવા માટે એક જીવંત નિમિત્ત છે અથવા દૃષ્ટાંત છે.

સામાન્યતઃ રાગના નિમિત્તોનો ત્યાગ કર્યા વિના વીતરાગતાની ઉપાસના નહિ થઈ શકે, તેવા વિચાર અને અભિપ્રાયથી, જીવ ઉદય વચ્ચે રહી, અંતર્મુખ થવાના માર્ગને સાધતો નથી; હઠથી પણ ત્યાગ માર્ગમાં પ્રવર્તે છે; તેથી અંતર્મુખ થવાના મૂળમાર્ગ ઉપર લક્ષ જતું નથી. અત્રે પરમ કૃપાળુદેવના જીવનમાં પૂર્વ કર્મના ઉદય અનુસાર પ્રવૃત્તિ વચ્ચે પણ અંતર્મુખના માર્ગને સાધવાની કળા પ્રાપ્ત થઈ શકે, તેવી આચરણા જોવા મળે છે, જે અલૌકિક ઉપાકરભૂત છે.

❋




**૭૦૮**

**રાળજ, ભાદરવા ૧૯૫૨**

**'જો ખરેખર ઉપદેશક પુરુષનો જોગ બને તો ઘણા જીવ મૂળમાર્ગ પામે તેવું છે, અને દયા આદિનો વિશેષ ઉદ્યોત થાય એવું છે. એમ દેખાવાથી કંઈક ચિત્તમાં આવે છે કે આ કાર્ય કોઈ કરે તો ઘણું સારું, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરુષ ધ્યાનમાં આવતો નથી, એટલે કંઈક લખનાર પ્રત્યે જ દૃષ્ટિ આવે છે, પણ લખનારનો જન્મથી લક્ષ એવો છે કે એ જેવું એકકે જોખમવાળું પદ નથી, અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યાં સુધી ન વર્તે ત્યાં સુધી તેની ઈચ્છામાત્ર પણ ન કરવી, અને ઘણું કરીને હજુ સુધી તેમ વર્તવામાં આવ્યું છે. માર્ગનું કંઈ પણ સ્વરૂપ કંઈકને સમજાવ્યું છે, તથાપિ કોઈને એક વ્રતપચ્ચખાણ આપ્યું નથી, અથવા તમે મારા શિષ્ય છો, અને અમે ગુરુ છીએ એવો ઘણું કરીને પ્રકાર દર્શિત થયો નથી. કહેવાનો હેતુ એવો છે કે સર્વસંગપરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજ સ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી માત્ર કલ્પના છે. તેનો ખરેખરો આગ્રહ નથી, માત્ર અનુકંપાદિ તથા જ્ઞાન–પ્રભાવ વર્તે છે તેથી ક્યારેક તે વૃત્તિ ઊઠે છે, અથવા અલ્પાંશે અંગમાં તે વૃત્તિ છે, તથાપિ તે સ્વવશ છે. એમ ધારીએ છીએ તેમ સર્વસંગપરિત્યાગાદિ થાય તો હજારો માણસ મૂળમાર્ગને પામે, અને હજારો માણસ તે સન્માર્ગને આરાધી સદ્દ્ગતિને પામે એમ અમારાથી થવું સંભવે છે. અમારા સંગમાં ત્યાગ કરવાને ઘણા જીવને વૃત્તિ થાય એવો અંગમાં ત્યાગ છે. ધર્મ સ્થાપવાનું માન મોટું છે; તેની સ્પૃહાથી પણ વખતે આવી વૃત્તિ રહે, પણ આત્માને ઘણી વાર તાવી જોતાં તે સંભવ હવેની દશામાં ઓછો જ દેખાય છે, અને કંઈક સત્તાગત રહ્યો હશે તો તે ક્ષીણ થશે એમ અવશ્ય ભાસે છે, કેમ કે યથાયોગ્યતા વિના, દેહ છૂટી જાય તેવી દૃઢ કલ્પના હોય તોપણ, માર્ગ ઉપદેશવો નહીં, એમ આત્મનિશ્ચય નિત્ય વર્તે છે. એક એ બળવાન કારણથી પરિગ્રહાદિ ત્યાગ કરવાનો વિચાર રહ્યા કરે છે.'**

આ પત્રમાં જિનેશ્વરદેવના મૂળમાર્ગનો ઉદ્યોત થવા અંગે પોતાના વર્તતા પરિણામ સંબંધી ઉલ્લેખ કર્યો છે.

વર્તમાનમાં, શાસનમાં રહેલાં જીવોની યોગ્યતા જોતાં તેઓશ્રીને એમ ભાસે છે કે–જો ખરેખર કોઈ સાચા ઉપદેશક પુરુષનો યોગ બને તો ઘણા જીવો મૂળમાર્ગ પામે તેવું છે. અને સમાજમાં દયા, આદિ કાર્યોનો વિશેષ ફેલાવો થાય તેવું છે.

એમ દેખાવાથી એવો વિચાર રહે છે કે આ કાર્ય કોઈ કરે તો સારું. પણ સમાજ ઉપર દૃષ્ટિ કરતાં તેવો કોઈ યોગ્ય ગુણવાન પુરુષ ધ્યાનમાં આવતો નથી; એટલે પોતા પ્રત્યે કાંઈક દૃષ્ટિ આવે છે; કારણ કે આવા કાર્ય માટે પોતાની યોગ્યતા દેખાય છે. પોતાને આત્મજ્ઞાન સહિત સાતિશય જ્ઞાન-પ્રભાવ વર્તે છે. તેમ જ અંતરંગમાં ત્યાગવૃત્તિ પણ છે; તેમ છતાં, શરૂઆતથી જ એવો લક્ષ છે કે ઉપદેશકનું પદ અત્યંત જોખમવાળું છે, તેથી બાહ્ય પરિસ્થિતિનો વિચાર કરતાં હાલમાં તેવી ઈચ્છા ન કરવી; એવી ગણતરીથી હજી સુધી તેમ વર્તવામાં આવ્યું છે. જો કે માર્ગનું સ્વરૂપ કોઈ કોઈને કાંઈ સમજાવ્યું છે તથાપિ ગુરુપણે વર્તીને કોઈને વ્રતપચ્ચખાણ આપ્યાં નથી. તેની પાછળએવો આશય છે કે જ્યાં સુધી સર્વસંગપરિત્યાગ ન થાય ત્યાં સુધી માર્ગઉપદેશકની પ્રવૃત્તિ કરવી નહિ.

**(અનુસંધાન પાના નં.૧૮ પર...)**